**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૫.૦ ડીગ્રી
લઘુતમ : ૨૩.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૭ ટકા ● સાંજે ૬૩ ટકા

# નવરાત્રીમાં રોજ ૫૦૦ થી ૭૦૦ લીટર પેટ્રોલનું વધુ વેચાણ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર શહેરમાં નવરાત્રી આવતા જ પેટ્રોલ-ડિઝલના વેચાણમાં અચાનક ઉછાળો નોંધાયો છે. સામાન્ય દિવસો કરતા રોજનું ૫૦૦ થી ૭૦૦ લીટર પેટ્રોલ વધુ વેચાય છે. શહેરમાં નવરાત્રીની રાત્રે બાઈકો લઈ ધુમ સ્ટાઈલે હંકારતા યુવાનો એક અંદાજ મુજબ રોજનું બે લાખનું પેટ્રોલ ફુંકી મારે છે. જયારે સીએનજી ગેસ અને ડીઝલનો સમાવેશ કરવામાં આવે તો આંકડો કયાં પહોંચે તે વિચારવું રહ્યું. નવરાત્રીના શોખીન ગરબાપ્રેમીઓ શેરી ગરબા જોવા માટે એક સેકટરથી બીજા સેકટરના ચક્કર કાપતા નજરે પડે છે.

ગાંધીનગર શહેરમાં નવરાત્રી રંગ બરાબરનો જામ્યો છે. જેમ જેમ નોરતા ઓછા થતા જાય છે તેમ તેમ ખૈલેયાઓનો ઉત્સાહ બમણો થતો જાય છે. ગરબા ગ્રાઉન્ડમાં હૈયેથી હૈયુ દળાય તેવી ભીડ ખૈલેયાઓની હોય છે. જેમાં ટ્રેડીશનલ ડ્રેસમાં પરંપરાગત ગરબાના તાલે અવનવા સ્ટેપ્સ સાથે યુવાધન ગરબે ઘુમે છે. પરંપરાગત નવરાત્રીનો ટ્રેન્ડ હવે બદલાતો જાય છે. ખાનગી આયોજકો દ્વારા થતા ગરબામાં યુવાવર્ગ આકર્ષાયો છે. ત્યારે યુવાવર્ગ નવ નોરતાનું અલગ બજેટ રાખે છે. જેમાં ટ્રેડીશનલ ડ્રેસ, રોજ અવનવો નાસ્તો તેમજ પેટ્રોલ ખર્ચનો પણ સમાવેશ કરવામાં આવે છે. ત્યારે શહેરી વિસ્તારમાં આવેલ છ જેટલા પેટ્રોલ પંપ પર સામાન્ય દિવસોમાં રોજનું ૮ થી ૯ હજાર લિટર પેટ્રોલનો વપરાશ નાગરીકો દ્વારા કરવામાં આવે છે. ત્યારે નવરાત્રીમાં પેટ્રોલના વેચાણમાં અચાનક ઉછાળો નોંધાયો છે. જેમાં દરેક પેટ્રોલ પંપ પર ૫૦૦ થી ૭૦૦ લીટર પેટ્રોલનો વેચાણ વધુ થવા પામે છે. નવરાત્રીમાં યુવાનો અંદાજે રોજનું બે લાખનું પેટ્રોલ ફુંકી મારે છે. અત્યારના સમયમાં બાઈક અને ફોર વ્હીલર ગાડીઓ ઘેર ઘેર જોવા મળે છે. ત્યારે યુવાવર્ગ નવરાત્રીમાં શેરી ગરબા જોવા આમથી તેમ બાઈકો તેમજ ગાડીઓ હંકારતા નજરે પડે છે. ત્યારે નવરાત્રીના દિવસોમાં શહેરના પેટ્રોલ પંપ સાંજ ઢળતા જ લાઈનો દેખાય છે. જયારે માર્ગ પર રાત્રીના સમયે ટ્રાફિક જામની સમસ્યા પણ સતાવી રહી છે.



# મોડી રાત્રે શેરી ગરબામાં સમૂહ નાસ્તાનો ટ્રેન્ડ

## ‘પેન ડ્રાઈવ’ પછી નાસ્તાના ટ્રેન્ડે શરી ગરબાને જીવંત રાખવાનું આકર્ષણ પુરું પાડયું





ગાંધીનગર, તા.૨૭

‘આરાસુરના અંબે મા તમે જમવા વહેલા આવજો... સોમવારે શીખંડ-પુરી જમવા વહેલા આવજો...!!’ નવરાત્રિમાં માતાજીની આરતી ઉતાર્યા બાદ તેમને પ્રસાદનો થાળ ધરાવાય ત્યારે લગભગ દરેક જગ્યાએ આ ભજન ગાવામાં આવે છે. માતાજીને પ્રસાદ ધરાવ્યા પછી જ શ્રધ્ધાળુઓ પ્રસાદ ગ્રહણ કરી શકે છે. શેરી ગરબાની નવરાત્રિમાં પ્રસાદ પછી બીજું આકર્ષણ હોય તો તે દરરોજ સમૂહમાં કરવામાં આવતા જુદા જુદા નાસ્તા છે. છેલ્લા કેટલાક વર્ષોથી ચાલુ થયેલી આ પ્રથા હાલના સમયમાં શેરી ગરબાના આયોજન માટે અનિવાર્ય થઈ પડી છે.

શહેરના લગભગ તમામ શેરી ગરબામાં આયોજકો દ્વારા રાત્રે નવરાત્રિના ગરબા પત્યા બાદ સમૂહમાં ગરમાગરમ નાસ્તા કરવાની સીસ્ટમ લાગુ પાડેલી જોવા મળે છે. સેકટરોના શેરી ગરબા હોય કે ગુડા વિસ્તારની સોસાયટીઓ દરેક શેરી ગરબામાં આ પ્રથા જોવા મળી રહી છે. આ નાસ્તાનું આયોજન સોસાયટીના રહીશો દ્વારા કરવામાં આવતું હોય છે જેમાં સોસાયટીના બાળકો, મહિલાઓ તથા વડિલો સહિત તમામ રહીશો જોડાય છે. સોસાયટીઓમાં મોટે ભાગે નાસ્તાનું આયોજન નવરાત્રિના ભંડોળમાંથી અથવા કોઈક દ્વારા સ્પોન્સર કરવામાં આવતું હોય છે. જયારે એપાર્ટમેન્ટમાં વિવિધ બ્લોકના રહીશો દ્વારા સમગ્ર ચોકમાં જે ઉપલબ્ધ હોય તેમને નાસ્તો કરાવવાની જવાબદારી ઉપાડવામાં આવે છે. આ નાસ્તામાં દાબેલી, વડાપાઉં, બટાટાપૌંઆ, તુવેર ટોઠા, ખમણ, સેવખમણી, સમોસા, કચોરી, કટલેસ, ઢોકળા, ફાફડા-જલેબી, ગોટા, ભજીયા, સેવઉસળ, તીખીસેવ વગેરે જેવા નાસ્તા પસંદ કરાય છે.

અગાઉ ગરબા અને રાસ વચ્ચેના બ્રેક દરમિયાન નાસ્તાનો કાર્યક્રમ યોજાતો હતો. હવે શહેરમાં ૧૨ વાગે રાસ ગરબા બંધ થઈ જતા હોઈ તે પત્યા બાદ નાસ્તાનો કાર્યક્રમ ગોઠવવામાં આવે છે જેથી બાળ ખેલૈયાઓ સહિત તમામ ગરબા શોખીન છેક સુધી ઉપસ્થિત રહેતા શેરી ગરબામાં પુરતી સંખ્યા જળવાઈ રહેવાનો પણ ફાયદો થાય છે. શહેરના તમામ ગરબામાં આ ટ્રેન્ડના કારણે શેરી ગરબાને ‘પેન ડ્રાઈવ’ના આગમન પછી મળેલું બીજું આકર્ષણ ગણાય છે. જે પાર્ટીપ્લોટના ગરબા સામે ટકકર ઝીલવા બળ પુરું પાડી રહ્યું છે. મોટે ભાગે આ નાસ્તા ઓર્ડરથી બનાવડાવાના હોવાથી શહેરના ખાણીપીણીના વેપારીઓને તડાકો પડી રહ્યો છે.

### ગુડા વિસ્તારના ફલેટોમાં પણ નાસ્તાનું આકર્ષણ

ગાંધીનગરના ગુડા વિસ્તારો જેવા કે વાવોલ, સરગાસણ, કુડાસણ વગેરેમાં વિકસેલ એપાર્ટમેન્ટસની સોસાયટીઓમાં પણ રાત્રે ગરબા પત્યા બાદ નાસ્તાની પ્રથા જોવા મળે છે. આ સોસાયટીમાં દરરોજ અલગ અલગ બ્લોકના રહીશો સમગ્ર સોસાયટીને નાસ્તો કરાવવાની જવાબદારી ઉપાડે છે જેના કારણે રહીશોમાં એકતાનો તાંતણો વધુ મજબૂત બને છે અને બ્લોક વચ્ચેની હરિફાઈને પગલે નાસ્તાની પસંદગી પણ સારી થાય છે.

# આગામી સમયમાં સિવિલના સુપ્રિટેન્ડન્ટ બદલાય તેવી શકયતા

ગાંધીનગર, તા.૨૭

પાટનગરની મેડીકલ કોલેજ સંચાલિત સિવિલ હોસ્પિટલમાં મુખ્ય સિવિલ સુપ્રિટેન્ડન્ટની જગ્યા અત્યારે હાલ ચાર્જમાં ચાલી રહી છે. તે સિવાય પણ અનેક જગ્યાઓ ચાર્જમાં ચાલી રહી છે. ત્યારે જીએમઈઆરએસ દ્વારા તાજેતરમાં ત્રણ મેડીકલ કોલેજના સિવિલ સુપ્રિટેન્ડન્ટની પોસ્ટ માટે અરજી મંગાવાઈ હતી અને ઈન્ટરવ્યુ પણ યોજાઈ ગયા છે. ત્યારે લાયકાત ધરાવતા ઉમેદવારોને આગામી સમયમાં સિલેકટ કરીને જીએમઈઆરએસ દ્વારા નિમણુંક આપવામાં આવે તેવી શકયતાઓ દેખાઈ રહી છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા ઘણા સમયથી સિવિલ સુપ્રિટેન્ડન્ટની જગ્યા ચાર્જમાં ચાલી રહી છે. મેડીકલ કોલેજને પગલે દર્દીઓની સંખ્યામાં વધારો નોંધાયો છે. ત્યારે સિવિલમાં સમસ્યાઓનો પણ કાયમી ઉકેલ આવી રહ્યો નથી. તેવા સમયમાં જીએમઈઆરએસ તંત્ર દ્વારા સંચાલિત ગાંધીનગર, વડનગર, અને વડોદરા (ગોત્રી), મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલના સિવિલ સુપ્રિટેન્ડન્ટની જગ્યા માટે અરજીઓ મંગાવાઈ હતી. જેમાં અરજીમાં જણાવ્યા મુજબ લાયક ઉમેદવારોએ સિવિલ સુપ્રિટેન્ડન્ટ માટે ઈન્ટરવ્યું પણ આપી ચુકયા છે. ત્યારે હવે ગમે તે સમયે ત્રણેય મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલમાં તબિબિ અધિક્ષક તરીકે ઉમેદવારોને પસંદગી આપવામાં આવે તેવી શકયતાઓ સેવાઈ રહી છે. ત્યારે અંતરંગ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ દિવાળી પહેલા પણ તબિબિ અધિક્ષક બદલાય તેવુ લાગી રહ્યું છે.

# પ્રેક્ષા ભારતી કેમ્પસમાં મંડપ બાંધવા જતા કરંટ લાગવાથી એકનું મૃત્યુ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર-કોબા રોડ પર કમલમની સામે પ્રેક્ષા ભારતી કેમ્પસમાં ગઈ કાલે મંડપ બંધાઈ રહ્યો હતો. આ મંડપ બાંધવાનું કામ ચાલુ હતું તે દરમિયાન અચાનક એક શ્રમિકને ઈલેકટ્રીક કરંટ લાગી ગયો હોવાની ઘટના બની હતી. અમદાવાદ મણિનગર ખાતે રહેતા પ્રકાશભાઈ ડામોર નામના શ્રમિકનું કરંટ લાગતા ગંભીર હાલતમાં તાત્કાલીક સારવાર માટે હોસ્પિટલ લઈ જવાયો હતો. જો કે ત્યાં સુધીમાં તેનું પ્રાણ પંખેરું ઉડી ગયું હતું. ઈન્ફોસીટી પોલીસે મૃતદેહ પી.એમ. કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે.

## @ગાંધીનગર

**આઠમુ નોરતું**

● સે-૨૨ ગબ્બર ચોક ખાતે રાત્રે ૯.૦૦ કલાકે સુરમધુર મ્યુઝીકલ પાર્ટી દ્વારા ગરબાની રમઝટ બોલાવાશે.

● સે-૩-સી શિવ શકિતચોક ખાતે રાત્રે ૮.૩૦ કલાકે બાબુભાઈ બારોટ દ્વારા ગરબાની રંગત જામશે.

● સે-૩-ન્યુ નવરાત્રી ચોક ખાતે રાત્રે ૮.૩૦ કલાકે કૃણાલ ઓરકેસ્ટ્રા દ્વારા ગરબાની રમઝટ બોલાવાશે.

● કિસાનનગર વસાહત નવરાત્રી મહોત્સવ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે ઓમ નમો મ્યુઝીકલ પાર્ટી દ્વારા ગરબાની રંગત જામશે.

● વારાહી પ્રગતિ મંડળ દ્વારા વારાહી ચોક સરઢવ ખાતે રાત્રે ૮ કલાકે વૈભવી મ્યુઝીકલ ગૃપ દ્વારા ગરબાની રંગત જામશે.

● સે-૪ સાર્વજનિક નવરાત્રી મહોત્સવ ખાતે રાત્રે ૯ કલાકે રણવીરસિંહ વાઘેલા ગૃપ દ્વારા ગરબાની રંગત જામશે.

● સે-૧૭ શોપીંગ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે સંજયભાઈ ગ્રુપ દ્વારા ગરબાની રમઝટ જામશે.

●●●●●

● મા મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો બપોરે ૧ થી ૪ કલાક દરમિયાન વનીતાબેન પટેલ, મેઘધનુષ્ય ફલેટ, મહારાષ્ટ્ર ભવનની સામે, સે-૨૧ ખાતે યોજાશે.

● જય બુટ ભવાની આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો બપોરે ૨ થી ૫ સાંઈબાબાના મંદિર પાસે સે-૩ ખાતે યોજાશે.

● સે-૩૦ ઝુલેલાલ મંદિર ખાતે બપોરે ૧ થી ૪ કલાક દરમિયાન ભાવનાબેન પટેલના કંઠે આનંદનો ગરબો યોજાશે.

## આઈ લવ માય ગાંધીનગર



**દિપકકુમાર ગાભાભાઈ ચૌહાણ**

**ગાંધીનગર ગમે**

ગાંધીનગરની રચના અન્ય શહેરો કરતાં કંઈક જૂદી છે. બગીચાઓથી ભરપૂર, શીતળ અને ઠંડુ વાતાવરણ આપતું અદ્ભૂત નગર છે એટલે ગાંધીનગર ગમે છે.

**નગરજનો**

વિવિધ પ્રદેશોમાંથી આવીને નિવાસ કરતા ધંધાદારી અને વ્યવસાયી વ્યક્તિઓનું નગર છે. અહીંનાં લોકો મદદગાર અને પ્રકૃતિને દિલથી ચાહનાર છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

ગાંધીનગરમાં સંસ્કૃતિ કુંજ, અક્ષરધામ મંદિર, રોજગાર વિનિમય સંસ્થા, નવરાત્રી માટે પ્રખ્યાત એવું કલ્ચરલ ફોરમની વિવિધ પ્રવૃત્તિઓ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**

શિક્ષણ પર વધુ ભાર, વ્યાવસાયિક શિક્ષણ, લોકોમાં જાગૃતિ આવે તેવા કાર્યક્રમો, હજુ સારી સ્વચ્છતા, પર્યાવરણ બચાવના કાર્યક્રમો વગેરે જેવી બાબતોને ધ્યાનમાં લઈ નગરને બહેતર બનાવી શકાય.

**નગર માટે હું કરી શકું**

મારી આવડત મુજબ સેવા આપી શકું. જેમ કે બાળકો વધુ સારું ભણે તે માટે પ્રોત્સાહન, બેરોજગાર યુવાનોને રોજગારી મળે તેવું અને વ્યાવસાયિક માર્ગદર્શન આપવા માટે હું તૈયાર છું.

# સરગાસણ વિસ્તાર તસ્કરો માટે બન્યો હોટ ફેવરેટ..!

## શિક્ષિકાના ફલેટમાંથી રૂ.૪.૩૦ લાખની મત્તા સાફ : પોલીસ લાચાર

ગાંધીનગર, તા.૨૭

દિન પ્રતિદિન સરગાસણ આસપાસની સોસાયટીઓમાં તસ્કરોનો આતંક વધી રહ્યો છે ત્યારે બંદોબસ્તમાં વ્યસ્ત પોલીસ લાચાર બની ગઈ છે. હજુ તાજેતરની સરગાસણની ઘરફોડ ચોરીઓની તપાસ શરુ કરવા કવાયત થઈ છે ત્યાં ફરી એક ફલેટમાં તસ્કરોએ હાથફેરો કર્યો છે. સ્વાગત એફોર્ડ ફલેટમાં એક શિક્ષિકાના મકાનનું તાળુ તોડી તસ્કરો રૂ. ૪.૩૦ લાખની કિંમતના દાગીના ઉઠાવી ફરાર થઈ ગયા છે. ઈન્ફોસીટી પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે.

ભાવનગર ખાતે પ્રાથમિક શાળામાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતા ફાલ્ગુનીબેન શ્યામજીભાઈ મારવાડી તેમના પિતા સાથે સરગાસણ સ્વાગત એફોર્ડ ફલેટ નં. એચ ૧૦૩ ખાતે રહે છે. ૨૪ સપ્ટેમ્બરે મકાનને તાળુ મારીને ફાલ્ગુનીબેન ભાવનગર નોકરીએ ગયા હતા. દરમિયાન ગઈ કાલે તેમના પડોશીનો ફોન તેમને આવ્યો અને મકાનનો દરવાજો ખુલ્લો હોવાનુ અને તાળુ તુટેલા હોવાની જાણ કરી હતી. બે દિવસ બંધ રહેલા મકાનનું તાળુ તોડી તસ્કરો હાથફેરો કરી ગયા હતા. મકાનમાંથી સોનાના સેટ, રીયલ ડાયમન્ડની સોનાની વીંટી સહીતના સોના ચાંદીના દાગીના તથા અન્ય પરચુરણ ચિજવસ્તુઓ મળીને તસ્કરો મકાનમાંથી રૂ. ૪,૩૦,૭૬૩ની મત્તાની ચોરી કરી રફુચક્કર થઈ ગયા હતા. આ મામલે શિક્ષિકાની ફરિયાદને આધારે ઈન્ફોસીટી પોલિસે ગુનો નોંધી વધુ તપાસ આરંભી છે.

# સ્વાઈન ફલૂ સામે રક્ષણ માટે એમ.બી.એ. કોલેજનો નવતર પ્રયોગ




ગાંધીનગર સ્થિત જયરામભાઈ પટેલ ઈન્સ્ટિટયૂટ ઓફ બિઝનેસ મેનેજમેન્ટ (એન.આઈ.સી.એમ. સંકુલ) દ્વારા તાજેતરમાં સ્વાઈન ફલુ સામે પ્રાકૃતિક રક્ષણ મળે તે હેતુથી પથિકાશ્રમ બસ સ્ટેશન પર ઉપસ્થિત વિવિધ કર્મચારીઓને કપૂર-ઈલાયચી-લવિંગથી બનેલ રક્ષા પોટલીઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. સંસ્થાના એમ.બી.એ. ભવનના ડિરેકટર ડૉ. બી.કે. નિર્મલના જણાવ્યા મુજબ એસ.ટી. બસોના ડ્રાઈવર અને કન્ડકટર અનેક મુસાફરોના સંપર્કમાં આવતા હોવાથી તેઓને સ્વાઈન ફલુના વાયરસના સંક્રમણની શકયતા વધારે હોય છે. કર્મચારીઓને આ સંક્રામક રોગ સામે પ્રાકૃતિક રક્ષણ મળે અને સંસ્થાના વિદ્યાર્થીઓમાં સહાનુભૂતિ અને સામાજિક જવાબદારીના ગુણો ખીલે તે માટેના આ નવતર પ્રયોગનું આયોજન પ્રોફેસર ડૉ. હરિશ્ચંદ્રસિંહ રાઠોડ અને પ્લેસમેન્ટ ઓફિસર યશ ભટ્ટના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

# સિસિકા દ્વારા વરિષ્ઠ નાગરિક દિન ઉજવાશે

ગાંધીનગર, તા.૨૭

સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ દ્વારા વિશ્વ વરિષ્ઠ નાગરિક દિન તા. ૧લી ઓકટોબરના રોજ યોજવામાં આવનાર છે. સવારે દશ વાગે પૂ. રવિશંકર મહારાજની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરાશે. ત્યારબાદ સિવિલ હોસ્પિટલમાં અંદરના દર્દીઓને ફળો/બિસ્કીટનું વિતરણ કરાશે. હોસ્પિટલ ખાતે શ્રદ્ધાંજલિ-પ્રાર્થના કરવામાં આવશે. વરિષ્ઠ નાગરિકોએ ઉપસ્થિત રહેવા મંત્રી ભૂપેન્દ્રભાઈ શાહે જણાવેલ છે.

# સિ.સિ.કા. ની માસિક સભા ૧લી ઓકટોબરે

ગાંધીનગર, તા.૨૭

સિનિયર સિટિઝન કાઉન્સિલની માસિક સભા જે માસના છેલ્લા દિવસે યોજવામાં આવે છે તેને બદલે સપ્ટેમ્બર માસની સભા અનિવાર્ય સંજોગોને કારણે તા. ૧લી ઓકટોબરના રોજ સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજવાડી સેકટર-૭ ખાતે સાંજે ૫.૦૦ કલાકે યોજાશે તેમ ભૂપેન્દ્રભાઈ શાહ મંત્રી-સિનિયર સિટિઝન્સ કાઉન્સિલે જણાવેલ છે.

# ઉનાવા ખાતે નવરાત્રી યજ્ઞ અને રાત્રી મેળો યોજાશે

ગાંધીનગર, તા.૨૭

ઉનાવા ખાતે નવરાત્રી મહોત્સવ અંતર્ગત ચાચરમાતા જવાલામુખી માતાનો યજ્ઞ આગામી તા. ૨૯મી સપ્ટેમ્બરના રોજ યોજાશે. આ સાથે જ રાત્રી મેળો પણ યોજાશે.

આ યજ્ઞ પ્રસંગે માઈભકતો વિક્રમજી બબાજી, વિક્રમજી સોમાજી અને ગાભાજી છગુજી અગનખેલના દર્શન કરાવશે. રાત્રી મેળા અને યજ્ઞ દરમિયાન તમામ વ્યવસ્થા ગ્રામ પંચાયત દ્વારા કરવામાં આવી છે. માઈભકતોને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## વાતવાતમાં

● ગાંધીનગરમાં નવરાત્રિનો માહોલ તેની ચરમસીમાએ પહોંચવા લાગ્યો છે. શહેરના શેરી ગરબાઓ તથા ખાનગી પાર્ટી પ્લોટો પર ખેલૈયા તથા દર્શકોની ભીડ હૈયે હૈયું દળાય તેટલી જોવા મળી રહી છે.

● નવરાત્રિના ભરચક માહોલમાં નવરાત્રિના શોખીનોને તેમના વ્હીકલ પાર્કિંગ કરવાનો પ્રશ્ન સૌથી વધુ સતાવી રહ્યો છે. આડેધડ પાર્કિંગના કારણે શહેરમાં નવરાત્રિ દરમિયાન વાહનચોરીની સંખ્યામાં પણ મોટો વધારો થયેલો જોવા મળી રહ્યો છે.

● ગાંધીનગરના જુના સચિવાલય ખાતે વરસાદ પછીની સીઝનમાં વધી ગયેલી વૃક્ષોની ડાળીઓનું ટ્રીમીંગ હાથ ધરાયું હતું. આ ટ્રીમીંગની સાથે સાથે તે વિસ્તારની સફાઈ પણ કરવામાં આવી હતી.

# લયબધ્ધ શ્વસન દ્વારા સંપૂર્ણ સ્વાસ્થ્ય કાર્યક્રમ નિઃશુલ્ક યોજાશે

ગાંધીનગર, તા.૨૭

પૂ. તાવરિયાજી નિર્દિષ્ય લયબધ્ધ શ્વસન દ્વારા સંપૂર્ણ સ્વાસ્થ્યનો નિઃશુલ્ક કાર્યક્રમ તા. ૨૯, ૩૦ અને ૧લી ઓકટોબરના સવારે આઠ વાગે યોગ હોલ જુના સચિવાલય બ્લોક નં. ૮ની પાછળ યોજાનાર છે તો નગરજનોને લાભ લેવા જણાવાયું છે.


# સુખ શાંતિની અધિષ્ઠાત્રી ‘મહાગૌરી’નું આજે પૂજન-અર્ચન

## અન્નપુર્ણા, ઐશ્વર્યપ્રદયિની, ચૈતન્યમયી અને ત્રૈલોકયપૂજયા તરીકે પણ આ દેવી પૂજાય છે : આજે આઠમના હોમ-હવન પણ થશે

ગાંધીનગર, તા.૨૭

હળાહળ કલિયુગમાં દૈવ્ય શકિત જ એક આશરો મનુષ્ય માટે બને છે. જગત જનની જગદંબાનું પર્વ નવરાત્રી એ કલિયુગમાં ઈચ્છિત કામનાની પૂર્તિ માટે શ્રેષ્ઠ ઉપાય વર્ણવાયો છે. નવરાત્રીના નવસ્વરૂપો પૈકી મા ભગવતીના આઠમા સ્વરૂપ એવા ‘મહાગૌરી’ના આજે પૂજન-અર્ચન થશે. ભકિતભાવપૂર્વક પુર્ણ શ્રધ્ધાથી આ આઠમી શકિતના પૂજનથી સાધકને ધન-વૈભવ અને સુખ-શાંતિની પ્રાપ્તિ થાય છે. વધુમાં આજે મા જગદંબાના આઠમના હોમ-હવન પણ કરવામાં આવશે.

આદ્ય શકિત મા દુર્ગાના આ આઠમા સ્વરૂપ મહાગૌરીને અન્નપુર્ણા, ઐશ્વર્યપ્રદયિની, ચૈતન્યમયી અને ત્રૈલોકયપૂજયા તરીકે પણ પૂજવામાં આવે છે. દેવી મહાગૌરીએ ભગવાન શિવને પામવા કઠોર તપસ્યા કરી હતી જેમાં તેમનો વર્ણ કાળો થઈ ગયો હતો પરંતુ દેવીની તપસ્યાથી પ્રસન્ન અને સંતુષ્ઠ મહાદેવે તેમના શરીરને ગંગાજીના પવિત્ર જળથી ધોયું હતું.



ત્યારે તેમનો વર્ણ વિદ્યુતપ્રભાની જેમ અત્યંત કાંતિમાન અને શ્વેત થઈ ગયો હતો ત્યારથી દેવી ‘મહાગૌરી’ તરીકે પૂજનીય થયા હતા. ‘મહાગૌરી’ શારીરિક, માનસિક અને સંસારીક તાપને હરણ કરવાવાળી દેવી પણ ગણાય છે. આ દેવીની શકિત અમોઘ છે અને તે સદ્યઃફલદાયીની છે. મા ની ઉપાસનાથી જન્મોજનમના પાપ ધોવાય છે. તેમજ ઉપાસક પવિત્ર અને અક્ષયપુણ્યોના અધિકારી બને છે.

મા મહાગૌરીનો વર્ણ પુર્ણ પણે શ્વેત છે અને માતાજીના આગૌરવર્ણની ઉપમા શંખ,ચંદ્ર અને કુંદના ફુલો સાથે કરાઈ છે. માતાજીના તમામ વસ્ત્રો અને આભુષણો શ્વેત છે. મસ્તક ઉપર ચંદ્રનો મુગટ ધારણ કર્યો છે અને વૃષભ (બળદ)ના વાહન ઉપર સવાર છે. દેવીનો ઉપરનો જમણો હાથ અભય મુદ્રામાં છે અને નીચેના હાથમાં ત્રિશુલ છે. જયારે ઉપરના ડાબા હાથમાં ડમરૂ અને નીચેના હાથમાં વરમુદ્રા છે. મહાગૌરી દેવી ધન-વૈભવ અને સુખ શાંતિની અધિષ્ઠાત્રી દેવી છે. આ દૈવ્યશકિત સુમધુર ગીત-સંગીતથી અતિ પ્રસન્ન બને છે. આ દિવસે સાધકનું ‘હિંદુચક્ર’ જાગૃત થાય છે અને તમામ સંકટમાંથી મુકત થાય છે. મા ભગવતીના પૂજન અર્ચન પછી આજે આઠમના હોમ-હવનમાં આહુતીઓ અર્પણ થશે. સંસારીક દુઃખોને દુર કરવા દૈવ્ય શકિતના આ પર્વમાં અનેક ઉપાયો સુચવાયેલા છે જે માટે શ્રધ્ધા અત્યંત જરુરી બને છે.

## ચિરવિદાય

- સ્વ. પ્રજાપતિ ગંગાબેન સોમાભાઈ, ઉ.વ. ૫૦
- સ્વ. છનાભાઈ રણછોડભાઈ શ્રીમાળી, ઉ.વ. ૬૫